દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૮ માર્ચ, ૨૦૨૬

રાંધણગેસ કટોકટીનો બોધપાઠ: ઉર્જાના વધુને વધુ વૈકલ્પિક સ્ત્રોતો વિકસાવવાની જરૂર છે

જ્યારથી ઇરાન-અમેરિકા યુદ્ધ શરૂ થયું છે ત્યારથી દુનિયાભરમાં ઈંધણની કટોકટી ઉભી થઇ છે. તેમાં પણ વિશાળ વસ્તી ધરાવતા અને ઓછા ઉર્જા સ્ત્રોતો ધરાવતા ભારતમાં ખાસ કરીને રાંધણગેસ સહિતના વિવિધ પ્રકારના નેચરલ ગેસની મોટી કટોકટી ઉભી થઇ છે. એલપીજી પુરવઠામાં ખેંચતાણને કારણે હોટલો, વ્યવસાયો અને ઘરગથ્થુ ગ્રાહકો લાંબા પ્રતીક્ષા સમય અને ગભરાટમાં કરવામાં આવતા બુકિંગથી પ્રભાવિત થયા છે. આ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર સરકારે અનેક પગલા ભર્યા છે પણ તે ટાંચા પડી રહ્યા છે. રાજ્યોને પાઈપ્ડ ગેસ પ્રોજેક્ટ્સ માટેની મંજૂરીઓ ઝડપી બનાવવા જણાવ્યું છે, જેથી તેનો વ્યાપ વધારી શકાય અને રાંધણ ગેસના સિલિન્ડરોની ઉપલબ્ધતા પરનું દબાણ ઓછું કરી શકાય. જો કે ફક્ત સિલિન્ડરોની તંગીનો પ્રશ્ન નથી. ગેસની પણ તંગી છે અને તેવા સંજોગોમાં કટોકટી વધુ વકરે તો પીએનજીનું પણ રેશનિંગ કરવું પડી શકે છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે ભારતની જરૂરિયાતના લગભગ 60 ટકા એલપીજી પુરવઠાનો માર્ગ અવરોધાયો છે. આ યુદ્ધનો કોઈ અંત દેખાતો ન હોવાથી સરકાર હવે ઇન્ડક્શન કૂકર જેવા વૈકલ્પિક રાંધણ માધ્યમોના ઉપયોગ પર ભાર મૂકી રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવે હાલમાં મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, સ્થિતિ ચિંતાજનક છે, પરંતુ અમે ઘરગથ્થુ ગ્રાહકોને અગાઉની જેમ જ પુરવઠો પૂરો પાડી રહ્યા છીએ. રિફાઇનરીઓને સ્થાનિક ઉત્પાદન વધારવા માટે કહેવામાં આવ્યું હતું, જેને ત્યારબાદ ઘરગથ્થુ રસોડા માટે અગ્રતા આપવામાં આવી હતી. હોટલ અને રેસ્ટોરાં જેવા વ્યાપારી એકમો માટે એલપીજીનો વપરાશ શરૂઆતમાં ઘટાડવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેને તેમના સામાન્ય વપરાશના પાંચમા ભાગ (20%) સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું, આપણે વિકલ્પો તરફ જોવું પડશે. આંકડા આપતા તેમણે જણાવ્યું કે રિફિલ એલપીજી સિલિન્ડર માટે પેનિક બુકિંગ 13 માર્ચે 87.7 લાખની ટોચે પહોંચ્યું હતું, જે સોમવારે ઘટીને લગભગ 70 લાખ થયું છે. યુદ્ધ પહેલાના દિવસોમાં આ આંકડો લગભગ 55 લાખ બુકિંગનો હતો. ગભરાટને કારણે લોકો કેવી રીતે વધારે પડતી ખરીદી કરી રહ્યા છે તેનું આ ઉદાહરણ છે.

એલપીજી પરનું દબાણ ઘટાડવા માટે સરકાર વ્યાપારી અને ઘરગથ્થુ વપરાશકર્તાઓને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) પર સ્વિચ કરવા પ્રોત્સાહિત કરી રહી છે. સિટી ગેસ કંપનીઓ આ માટે પ્રોત્સાહનો અને ઝડપી જોડાણો આપી રહી છે. કેન્દ્ર સરકારે 16 માર્ચે તમામ રાજ્ય સરકારોને પત્ર લખીને સિટી ગેસ પ્રોજેક્ટ્સ માટેની મંજૂરીઓ ઝડપી બનાવવા જણાવ્યું છે. રાજ્યોને મોટી સિટી ગેસ પાઈપલાઈન માટે પેન્ડિંગ અરજીઓને આપવા, નવા પ્રોજેક્ટ્સને 24 કલાકમાં મંજૂરી આપવા, રોડ રિસ્ટોરેશન ચાર્જ માફ કરવા અને કામના સમયપત્રકમાં છૂટછાટ આપવા જણાવાયું છે. તેમણે કહ્યું, સ્થિતિ હજુ પણ ચિંતાજનક છે, પરંતુ કોઈ પણ એલપીજી ડિસ્ટ્રિબ્યુટર પાસે સ્ટોક ખાલી થયો નથી. હોર્મુઝની સામુદ્રધુની – જે આયાત માટેનો મુખ્ય માર્ગ છે – ત્યાં અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન પરના હુમલા અને ઈરાનના વળતા પ્રહાર બાદ વિક્ષેપ સર્જાતા ભારતનો એલપીજી પુરવઠો દબાણ હેઠળ આવ્યો છે. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત જેવા મુખ્ય સપ્લાયરો પાસેથી આવતા શિપમેન્ટ પ્રભાવિત થતાં, ભારતે પુરવઠાનું રેશનિંગ શરૂ કર્યું છે. આ વિક્ષેપની અસર અનેક ક્ષેત્રોમાં જોવા મળી રહી છે. રેસ્ટોરાંએ તેમના મેનૂમાંથી ધીમી આંચ પર રાંધતી વાનગીઓ દૂર કરવાનું શરૂ કર્યું છે કારણ કે તેમાં વધુ ગેસ વપરાય છે. ઈંટ-ટાઈલ્સ, સિરામિક અને ગ્લાસ ઉદ્યોગો પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હોસ્પિટલના રસોડા, સ્મશાનગૃહો અને લોન્ડ્રી જેવી આવશ્યક સેવાઓને પણ મુશ્કેલી પડી રહી છે. સચિવે જણાવ્યું કે ઈંધણનો પુરવઠો સ્થિર છે કારણ કે તમામ રિફાઇનરીઓ ઉચ્ચ ક્ષમતા પર કામ કરી રહી છે. બિહાર, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત સહિતના રાજ્યોએ એલપીજી વિતરણની માર્ગદર્શિકા જારી કરી દીધી છે. ઉપરાંત, રાજ્યોને 48,000 કિલોલિટર વધારાનો કેરોસીનનો જથ્થો પણ ફાળવવામાં આવ્યો છે. નાગરિકોને ગભરાટમાં ખરીદી ન કરવા સલાહ આપવામાં આવી છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધને કારણે ગેસ સપ્લાયમાં 30 ટકાની અસર થઈ હોવા છતાં, PNG અને CNG જેવી અગ્રતા ધરાવતી શ્રેણીઓ સુરક્ષિત રાખવામાં આવી છે. આ ઘટનાક્રમનો બોધપાઠ એ જ છે કે ઉર્જાના થોડાક જ સ્ત્રોતો પર નિર્ભર રહેવાને બદલે હવે વૈકલ્પિક સ્ત્રોતો વિકસાવવા પર પણ વધુને વધુ ધ્યાન આપવાની જરૂર છે. બાયોગેસ જેવા વિકલ્પોને સ્થાનિક સ્તરે વધુ વિકસાવવાની અને છાણા જેવા વિકલ્પોને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે.

હારવાનું કારણ

એક મોટીવેશનલ વર્ગનો ત્રીજો દિવસ હતો. આખા અઠવાડિયાનો કાર્યક્રમ હતો. ત્રીજા દિવસની બપોરે ભોજન બાદનો સમય એકમેક સાથે હળવા મળવા માટે ખાસ આપવામાં આવ્યો હતો. ચાર વાગ્યે ટી બ્રેકમાં ગાર્ડનમાં મળવાનું હતું. ટી બ્રેક થયો. બધા ગાર્ડનમાં ભેગાં થયાં. ચા પાણી બાદ, સર આવ્યા. તેમણે કહ્યું , ''હવે આપણે બધા ગેમ રમીશું.'' ભાગ લેનાર બધાં ઉત્સાહિત થઈ ગયાં. વિચાર્યું, ગેમ રમવામાં મજા આવશે. સ્પીકરે ગેમની સમજ આપતાં કહ્યું, ''આ ગેમ એક સરસ સમજ આપશે.'' બધાએ વિચાર્યું, ટીમ મેનેજમેન્ટ અને લીડરશીપની વાત હશે. ગેમના રુલ સમજાવતા સર બોલ્યા, ''સૌથી પહેલાં તમારે બધાએ તમે પહેરેલા બુટ, ચંપલ, સેન્ડલ કાઢીને બાજુના રૂમમાં મૂકી દેવાના છે અને પછી સામેના રૂમમાં પડેલા ચંપલોના ઢગલામાંથી કોઈ પણ એક ચંપલ પહેરીને જમણી બાજુના મેદાનનો આંટો મારી અહીં મારી પાસે આવવાનું છે.'' બધાએ સૂચના પ્રમાણે કર્યું. પોતાનાં જૂતાં ચંપલ બાજુના રૂમમાં કાઢ્યાં અને સામેના રૂમમાં પડેલાં જૂતાં ચંપલના ઢગલા પાસે ગયા ત્યાં બધાં જૂતાં-ચંપલ કમજોર ફાટેલાં તૂટેલાં હતાં. છતાં બધાએ તેમાંથી જે મળે તે, જે ફાવે તેવાં શોધીને પહેર્યાં અને જમણી તરફના મેદાન પાસે પહોંચ્યાં. મેદાન આખામાં કાંકરા, પથ્થર, ડાળખા, કાંટા વગેરે હતાં. તૂટેલાં ફાટેલાં ચપ્પલ અને

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

તે પણ પોતાનાં માપનાં નહીં તે પહેરી બધાએ મેદાન તો પસાર કરી લીધું પણ આ બધું શું છે તે જાણવા માટે તેઓ સ્પીકર પાસે પહોંચીને તરત પૂછવા લાગ્યા, '' આ વળી કેવી ગેમ છે?' હવે સ્પીકરે કહ્યું, '' ગેમ અડધી જ થઈ છે. બીજો ભાગ પૂરો કરો પછી સમજાવું છું. હવે તમારે બધાએ તમારાં પોતાનાં ચંપલ, સેન્ડલ પહેરી લઇ ડાબી તરફના મેદાનમાં એક આંટો મારી ફરી મારી પાસે આવવાનું છે.'' જ્યારે બધાં તૂટેલાં ફાટેલાં ચંપલ પહેરી જમણી તરફનું મેદાન પસાર કરી રહ્યાં હતાં ત્યારે સ્પીકર સરે અહીં રૂમમાં બધાંનાં જૂતાંમાં કાંકરા, પથ્થર, કાંટા, ડાળખા નખાવ્યાં હતાં. ચંપલ ,સેન્ડલમાં ઝીણી ખીલીઓ લગાવી દીધી હતી. હવે બધા આ અંદર તકલીફવાળાં પોતાનાં ચંપલ પહેરી ડાબી તરફના મેદાનમાં ગયાં. મેદાન તો લીલુંછમ ઘાસથી છવાયેલું હતું પણ જૂતામાંનાં, ચંપલમાંના કાંકરા, પથ્થર, ખીલા, કાંટાને લીધે ચાલવું મુશ્કેલ બન્યું હતું. બધાને પહોંચતા વાર લાગી, જૂતાં ચંપલ કાઢી સાફ કરવા પડ્યાં. સ્પીકર સરે કહ્યું, ''તમે બધાએ સારા કે ખરાબ કમજોર ચપ્પલથી કાંકરા, કાંટા, પથ્થરવાળો રસ્તો પસાર કરી લીધો પણ જ્યારે એ કાંટા, પથ્થર, ખીલા તમારાં ચંપલ જૂતામાં હતાં તો લીલાંછમ ઘાસવાલા મેદાનમાં પણ ચાલવું વધુ અઘરું બન્યું. યાદ રાખજો, જીવનમાં બહારના પડકારો તો નહીં, પણ આપણી અંદરની કમજોરીઓ આપણને હરાવે છે. તેને ઓળખી અને દૂર કરવાની જરૂર છે.

આ ચૂંટણીઓમાંથી શું સંદેશ મળશે? કોના માટે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

પાંચ રાજ્યોની ચૂંટણી: વિપક્ષનું અસ્તિત્વ અને ભાજપની રણનીતિની કસોટી, કોંગ્રેસ માટે આ વિધાનસભા ચૂંટણીઓ તેની ખોવાયેલી જમીન પાછી મેળવવા માટેની શ્રેષ્ઠ તક સમાન

યુપી અને બંગાળને બાદ કરતાં ૧૦ રાજ્યોમાં મતદાર યાદીઓની વિશેષ સઘન સુધારણા (એસઆઈઆર) પૂર્ણ થયા પછી યોજાનારી આ પ્રથમ ચૂંટણીઓ છે. બંગાળ, તમિલનાડુ, આસામ, કેરળ અને પુંડુચેરીમાં એપ્રિલમાં મતદાન થવાનું છે અને પરિણામ ૪ મેના રોજ જાહેર થશે.

આ ચૂંટણીઓ ભારતીય જનતા પાર્ટી (બીજેપી) કરતાં વિરોધ પક્ષો માટે વધુ મહત્ત્વ ધરાવે છે. પાંચ વર્ષ પહેલાં કેરળ, તમિલનાડુ અને બંગાળમાં મળેલી જીતે વિપક્ષનો ઉત્સાહ વધાર્યો હતો અને ત્યાર બાદનાં બે વર્ષમાં મળેલી ચૂંટણીકીય હાર સામે ટકી રહેવામાં મદદ કરી હતી. આ વખતે સત્તા જાળવી રાખવી એ વિપક્ષ માટે મહત્ત્વપૂર્ણ રહેશે, જે સતત સંકોચાઈ રહેલા રાષ્ટ્રીય ફલક સામે સંઘર્ષ કરી રહ્યો છે. તેથી, જીત માટેનો દાવ ઘણો મોટો અને પ્રતીકાત્મક છે.

સાથે જ, ભાજપ પરંપરાગત રીતે જ્યાં તેને સમર્થન નથી મળતું તેવાં રાજ્યોમાં જીત મેળવવાના તેના પ્રયાસોની કસોટી તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને પુંડુચેરીમાં થશે, જ્યાં ૯ એપ્રિલથી ૨૯ એપ્રિલની વચ્ચે ચૂંટણી યોજાશે. આસામમાં ભાજપ ત્રીજી વખત સત્તા જાળવી રાખવા માટે લડી રહ્યો છે.

આ ભાજપના નવા પ્રમુખ નીતિન નબીન માટે પણ એક કસોટી હશે. જો કે, હંમેશની જેમ પ્રચારનું નેતૃત્વ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરશે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં તેની લોકસભા બેઠકોની સંખ્યા ઘટીને ૨૪૦ (૨૦૧૪ પછીની સૌથી ઓછી) થયા પછી, તે વર્ષે યોજાયેલી આઠમાંથી પાંચ રાજ્યોની ચૂંટણીમાં મળેલી જીતથી ભાજપ ઉત્સાહિત હતો. તેણે ઓડિશા, હરિયાણા, મહારાષ્ટ્ર અને અરુણાચલ પ્રદેશમાં જીત મેળવી હતી અને તેના સાથી પક્ષ ટીડીપીએ આંધ્ર પ્રદેશમાં જીત મેળવી હતી. (ઓડિશા અને આંધ્રની વિધાનસભા ચૂંટણીઓ સામાન્ય ચૂંટણીની સાથે યોજાઈ હતી)

વિપક્ષે ઝારખંડ, જમ્મુ, કાશ્મીર અને સિક્કિમમાં જીત મેળવી હતી. ગયા વર્ષે ભાજપે દિલ્હીમાં જીત મેળવી હતી અને જનતા દળ (યુનાઈટેડ) સાથે બિહારમાં સત્તા જાળવી રાખી હતી.

આસામમાં, જ્યાં ભાજપ બે ટર્મથી સત્તામાં છે, ત્યાં ચૂંટણીનો વિષય ફરીથી વસ્તીવિષયક ફેરફારો અને ગેરકાયદે વસાહતીઓ જેવી વૈચારિક ચિંતાઓ પર છે. આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાની કટ્ટરપંથી છબીના ફાયદા અને ગેરફાયદા બંને છે. ભાજપના આસામ પ્રચારમાં વિકાસ અને આર્થિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું નથી, પરંતુ તે બાંગ્લા દેશથી આસામમાં થતા ગેરકાયદે સ્થળાંતર પર છે. ૨૦૨૧માં ભાજપે ૯૩ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૬૦ બેઠકો જીતીને સરકાર બનાવી હતી.

તમિલનાડુમાં ૨૩ એપ્રિલની ચૂંટણી ડીએમકેના શાસનના 'દ્રવિડિયન મોડેલ' અને મુખ્ય પ્રધાન અને પક્ષપ્રમુખ એમ.કે. સ્ટાલિનની લોકપ્રિયતા માટે એક અગ્નિપરીક્ષા છે. અભિનેતા-રાજકારણી વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ (ટીવીકે)ના ચૂંટણી મેદાનમાં પ્રવેશથી આ જંગ રસપ્રદ બન્યો છે.

પશ્ચિમ બંગાળમાં જ્યાં ભાજપ મુખ્ય વિપક્ષ છે, ત્યાં પક્ષે તેની ચૂંટણી રણનીતિ મુખ્યત્વે રાષ્ટ્રીય સુરક્ષા અને મમતા બેનર્જીની વહીવટી ખામીઓ પર રાખી છે. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપની રણનીતિ આવી જ હતી, જ્યારે તેણે ૨૯૪માંથી ૭૭ બેઠકો જીતી હતી. મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસ સરકાર ૨૦૧૧થી સત્તામાં છે અને ભાજપ આશા રાખશે કે કોઈક તબક્કે સત્તાવિરોધી લહેર કામ કરશે. જો કે, પક્ષ પાસે એવો કોઈ રાજ્ય કક્ષાનો નેતા નથી જે બેનર્જીનો સામનો કરી શકે.

તમિલનાડુ અને કેરળમાં પણ આ સાચું છે. જો કે, તમિલનાડુમાં આ બહુ મહત્ત્વનું નથી. કારણ કે, ભાજપ ત્યાં એઆઈએડીએમકેની આગેવાની હેઠળના ગઠબંધનમાં જુનિયર ભાગીદાર છે. ખુદ એઆઈએડીએમકે જ ભારે દબાણ હેઠળ છે. કારણ કે, તેના નેતા અને પૂર્વ સીએમ જે. જયલલિતાના નિધન પછી પાર્ટીમાં મતભેદો અને વિભાજન થયાં છે. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં એઆઈએડીએમકેએ ૨૩૪માંથી ૬૬ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપે ૪ અને પીએમકેએ ૫ બેઠકો જીતી હતી, જેનાથી એનડીએનો આંકડો ૭૫ થયો હતો, જ્યારે ડીએમકેની આગેવાની હેઠળના ગઠબંધનને ૧૫૯ બેઠકો મળી હતી.

પડોશી કેરળમાં ભાજપ માટે શ્રેષ્ઠ સ્થિતિ પિનારાઈ વિજયનની આગેવાની હેઠળની શાસક એલડીએફ સરકાર સામે મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઉભરી આવવા જેટલી બેઠકો મેળવવાની છે. જો કે, મોટા ભાગના વિશ્લેષકો કહે છે કે, તેની શક્યતા ઓછી છે. ભાજપ રાજ્યમાં ખ્રિસ્તી સમુદાય સાથે સક્રિયપણે નેટવર્ક બનાવી રહ્યો છે અને ભારત ધર્મ જન સેના (બીડીજેએસ) જેવા નાના પક્ષો સાથે જોડાણ કર્યું છે, જે ઈઝવા સમુદાય અને ઉદ્યોગપતિ સાબુ એમ. જેકબ દ્વારા શરૂ કરાયેલ ટ્વેન્ટી ૨૦ પાર્ટી પર પ્રભુત્વ ધરાવે છે. અન્ય સાથી પક્ષોમાં સજી મંજકડમ્બિલના નેતૃત્વમાં કેરળ કોંગ્રેસ (રેમોક્રેટિક), કેરળ કામરાજ કોંગ્રેસ અને લોક જનશક્તિ પાર્ટીનો સમાવેશ થાય છે. ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે જે ૧૧૩ બેઠકો પર ચૂંટણી લડી હતી તેમાંથી એક પણ બેઠક જીતી શકી નહોતી.

ત્રણ બાબતો નોંધપાત્ર છે.

પ્રથમ, આ ચૂંટણીઓ પ્રાદેશિક પક્ષો અને મુદ્દાઓ માટે નિર્ણાયક છે. પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં પ્રાદેશિક પક્ષોનું શાસન છે અને કેરળમાં સત્તાધારી સીપીએમ પણ લગભગ પ્રાદેશિક પક્ષ જેવો જ છે. આસામ જેવા રાજ્યમાં પણ જ્યાં સ્પર્ધા રાષ્ટ્રીય પક્ષો વચ્ચે છે, ત્યાં મુદ્દાઓ અને પ્રચારની પ્રાદેશિક અસર ચોક્કસપણે જોવા મળશે. છેલ્લાં ૧૦ વર્ષોમાં વ્યક્તિગત કરિશ્મા, પ્રાદેશિક ગતિશીલતા અને કલ્યાણકારી યોજનાઓને કારણે પ્રાદેશિક પક્ષો ભાજપનો પ્રતિકાર કરવામાં કોંગ્રેસ કરતાં વધુ સફળ રહ્યા છે. ત્યાં મમતા બેનર્જી (બંગાળ), એમ.કે. સ્ટાલિન (તમિલનાડુ) અને પિનારાઈ વિજયન (કેરળ) પર સૌની નજર છે.

બીજું, ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં સારા પ્રદર્શન પછી કોંગ્રેસે હરિયાણામાં ભૂલ કરી અને મહારાષ્ટ્ર, દિલ્હી અને બિહારમાં પરાજયનો સામનો કરવો પડ્યો. તેથી, આ પાંચ વિધાનસભા ચૂંટણીઓ તેની ખોવાયેલી જમીન પાછી મેળવવા માટેની શ્રેષ્ઠ તક સમાન છે. છેલ્લે, આ ચૂંટણીઓ એસઆઈઆર દ્વારા મતદારયાદી સુધારવા બાબતે પણ છે. પશ્ચિમ બંગાળમાં લાખો મતદારોના ભાવિ પર પ્રશ્નાર્થ ચિહ્નો લટકી રહ્યાં છે. જેમના મતાધિકારીનો નિર્ણય હજી ન્યાયિક પ્રક્રિયા હેઠળ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પારંપારિક ઊર્જાસ્ત્રોતના વિકાસથી ઊર્જાની ઘટ નિવારી શકાશે

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ, આંતરરાજ્ય ઝઘડાઓ અને સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓના વાકે અથડાતા વીજળીનાં ભવિષ્યની આગાહી હાલમાં શક્ય નથી. આમ છતાં ગુજરાત રાજ્યમાં બીજા ત્રણ હજાર મેગાવૉટ વીજળીનાં ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે

ગંગા, બ્રહ્મપુત્રા, કાવેરી, યમુના જેવી બારમાસી નદીઓની જળશક્તિના મહત્તમ ઉપયોગ દ્વારા ૧૦,૦૦૦ મેગાવૉટ વીજળી ઉત્પન્ન થઈ શકે તેવી ક્ષમતા છે, પરંતુ પાણી અંગેની રાષ્ટ્રીય નીતિના અભાવે આજે માત્ર ૪૫૦૦ મેગાવૉટ વીજળી ઉપન્ન થઈ રહી છે. દેશમાં પ્રવર્તમાન વીજતંગીના સંદર્ભમાં પાણી, પવન અને સૂર્યપ્રકાશ જેવા પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતના વિકાસ અંગે નીતિ આયોગે લક્ષ આપ્યું છે, તેમ છતાં હજુ સુધી પારંપરિક ઉર્જા સ્ત્રોત અંગે રાષ્ટ્રીય નીતિ ઘડાઈ નથી. આથી રાષ્ટ્રની ૬૨% ટકા જળશક્તિ વણવપરાયેલી પડી રહી છે.

રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ, આંતરરાજ્ય ઝઘડાઓ અને સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓના વાકે અથડાતા વીજળીનાં ભવિષ્યની આગાહી હાલમાં શક્ય નથી. આમ છતાં ગુજરાત રાજ્યમાં બીજા ત્રણ હજાર મેગાવૉટ વીજળીનાં ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૩૦ દરમિયાન વીજક્ષેત્રે જંગી રોકાણ કરવા યુરોપની કંપનીઓ ઉત્સુક છે, આ સંબંધની દરખાસ્ત વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન રાજય સરકારના વિચાર વિમર્શમાં મુકાઇ છે.

વીજક્ષેત્રે વધતી માગ અને ઘટતા પુરવઠાના નિવારણ માટે તથા વીજક્ષેત્રનાં સંચાલનને સુધારવા માટે ટી.એલ. શંકર સમિતિએ ટેરિફ વધારવા ભલામણ કરી છે. આમ છતાં કૃષિક્ષેત્રનાં વપરાશમાં નિશ્ચતતાનો અભાવ સિંચાઈ પ્રોજેક્ટમાં નક્કી કરાયેલ લક્ષ્યાંકોની તુલનાએ ઓછું રોકાણ, તેમજ માળખાગત ક્ષેત્રોમાં નિયત લક્ષ્યાંકો હાંસલ ન થવાના લીધે વાસ્તવિક રીતે રાષ્ટ્રીય ક્ષમતા પ્રાપ્તિ ગંભીર ચિંતાની બાબત બની છે. નીતિ આયોગે કૃષિ તેમજ ગ્રામ આવકમાં વધારો કરવા અને ચિંતાજનક પરિસ્થિતિને નિવારવાનો ખાસ અનુરોધ કર્યો છે. છેલ્લા એક દસકમાં કૃષિ ક્ષેત્રે સિંચાઈ ક્ષમતાની ટકાવારીમાં નોંધાયેલ ઘટાડો, અનાજ પ્રાપ્ત ભાવાંકમાં ૧૭થી ૨૨ ટકાનો વધારો, જીવનનિર્વાહ ખર્ચમાં વાર્ષિક ૧૦૩થી ૧૧૬ ટકા જેટલો વધારો, વધતી વસ્તીનું સતત દબાણ, માથાદીઠ આવકની નબળી સ્થિતિ તથા પુરુષ અને સવિશેષ મહિલા રોજગારીના કલાકોમાં ઘટાડો થયો હોઈ ભારતીય અર્થતંત્રનું આંતરિક માળખું નાજુક સ્થિતિને આરે આવી ગયાનું જણાય છે.

આબિદ હુસેન કમિટીએ તો લઘુઉદ્યોગોને સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સલામતી, સબસિડી અને રક્ષણ આપવાની પ્રોત્સાહક યોજના રદ કરવા રાજકીય ભલામણ કરવામાં આવતા અર્થતંત્રનું હિત નાના ઉદ્યોગો દ્વારા મહત્તમ રીતે રક્ષાતું હોવાં છતાં મધ્યમ અને મોટા કદના ઉદ્યોગોને અપાતા સરેરાશ વાર્ષિક ૯૮,૬૨૭ કરોડના ધિરાણ સામે લઘુ ઉદ્યોગો માટે ફાળવેલ ૨૮,૦૨૭ કરોડના ધિરાણ ઉપર પણ કાતર ફરી છે. દેશમાં સ્થાયી ૬૭ લાખ જેટલા લઘુ ઉદ્યોગોનું નેટવર્ક મહાકાય ઉદ્યોગો પાસે પાંગળું બની રહ્યું છે. નાના ઉદ્યોગો વીજળી સહિત કુદરતી સંસાધનોનો વ્યાપક રીતે વપરાશ કરે છે છતાં લઘુ ઉદ્યોગો માટેની પ્રોત્સાહક યોજનાઓને રદ કરવા માટે આગ્રહ રાખનાર મૂડીવાદી અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે લઘુ ઉદ્યોગો ઉત્પાદક નથી, નાના ઉદ્યોગોની સ્થળ લક્ષી મર્યાદાના લીધે વીજ-ટ્રાન્સમિશન લોસ વધે છે.

ચોમાસા-શિયાળા સિવાયના દિવસોમાં જ્યારે બળદને બાંધી રાખીને નીરણ ખાણ દેવું પડે છે ત્યારે ખેડૂતનો ખર્ચ વધી જાય છે. આવા વચગાળાના રાહત સમયમાં પણ ખેડૂતો પોતાનાં બળદ પાસેથી વીજ ઉત્પાદનનું કામ લઈ શકે છે. બળદ દ્વારા વીજશક્તિ ઉત્પાદન અને વિકેન્દ્રિત રીતે ગ્રામકક્ષાએ રોજગારી સાથે નૈસર્ગિક શક્તિના મહત્તમ ઉપયોગનાં પ્રયોગો થયાં છે જેનું સંકલન કરી મેનેજમેન્ટની શાળા-કોલેજો નવું પ્રમાણ પ્રતિપાદિત કરી શકે છે.

વિજ્ઞાન અને મધ્યમ કદની તકનીકના આધારે યોજાતા આવા વિકેન્દ્રિત પ્રયોગો માટે હવે વિશ્વ ઊર્જા પરિષદમાં પણ ભલામણ થઈ છે. આજે દેશમાં અંદાજિત ૧૦ કરોડની પશુવસ્તી છે, જેના ઉપયોગ માત્રથી ૪૦ હજાર મેગાવૉટ વીજળી ઉત્પન્ન થઈ શકે છે.

ગ્રામક્ષેત્રે બળદ જેવાં પારંપરિક સાધનોના ઉપયોગથી જરૂરિયાત હોય તે સ્થળે અને સમયે વીજશક્તિનું આયોજન સરળ થશે, ગ્રામ સમુદાયને સ્થાનિક કક્ષાએ કામ મળતાં શહેરો ઉપરનું ભારણ ઘટશે. ઊંચા ધિરાણે મળતા ફોસિલ્સ ફ્યુલ આધારે સ્થપાતાં ઊર્જામથકોનાં સ્થાને પ્રદૂષણમુક્ત પૂરક વ્યવસ્થા સ્થપાશે. ખેડૂતો માટે બળદ, પાડા, વસૂકી ગયેલી પણ સશક્ત ભેંશો અને ગાયો પોતાના ખોરાકના ખર્ચ જોગ વીજ પેદાશ કરી શકે તો ખેડૂતોનો આર્થિક બોજ ઘટશે અને પશુઓ કતલખાતે જતાં અટકશે.

ગ્રામક્ષેત્રે સ્થાનિક સાધનોથી મળેલ વીજળીમાંથી લોટ દળવાની ઘંટી, કપાસ અને શીંગ ફોલવા અને ઘઉં છૂટા પાડવા થ્રેશર, અંબર ચરખા અને હાથસાળ તથા લાઇટ એન્જિનિયરિંગનાં સાધનો વપરાતાં થશે, આથી ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની તકો વધશે. પશુઓની ફાજલ શક્તિને અસરકારી બનાવી શકાતાં ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધવાનું સરળ બનશે.

સૌરાષ્ટ્રની ગિર ગાયોના સંરક્ષણને વિસ્તરણ માટે નાગરિકો જાગ્રત થયા છે. પંચગવ્ય આધારે પ્રાકૃતિક ઉપચારની પદ્ધતિ વિકસી રહી છે. જીવદયા પ્રેમીઓ પાંજરાપોળોના રક્ષણ માટે સહાય આપે છે. માંદાં ઢોરની સારવાર કરે છે. જે આવકારદાયી છે, પરંતુ જ્યાં સુધી ખેડૂત માટે તેનું પશુધન આર્થિક રીતે બોજારૂપ નહીં હોય ત્યાં સુધી જ ગાયો અને ભેંશો સચવાશે. નહીં તો 'ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી' જેવી દશા થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ડૉક્ટરની ભૂમિકા

જીવન અને મૃત્યુ ભગવાન-વિધાતાની દેન છે. તેને કોઈ બદલી શકતું નથી. હા, જ્યારે માણસ બીમાર પડે ત્યારે સારવાર માટે ડૉક્ટર પાસે જવું પડે છે. ડૉક્ટરનો વ્યવસાય સેવા અને સાધનાથી ભરેલો છે. તેઓ દર્દીને બચાવવા માટે પોતાનું સંપૂર્ણ જ્ઞાન, સમજ અને પ્રયત્નો લગાવે છે. ઘણી વખત ડૉક્ટરની મહેનતથી દર્દી બચી જાય છે અને તેને જાણે નવજીવન મળે છે. આવો જ એક ડૉક્ટરની કર્તવ્યનિષ્ઠાનો પ્રસંગ 1963માં આવેલી ફિલ્મ "દિલ એક મંદિર "માં જોવા મળે છે. આ ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક સી. વી.શ્રીધર હતા. ફિલ્મમાં રાજકુમાર,મીના કુમારી અને રાજેન્દ્ર કુમાર (ડૉ. ધર્મેશ) મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મમાં મીનાકુમારી (સીતા) અને રાજકુમાર પતિ-પત્ની હોય છે. રાજકુમારને ગંભીર બીમારી થાય છે એટલે સીતા તેમને દવાખાને લઈ જાય છે. ત્યાં ડૉક્ટર ધર્મેશ તરીકે રાજેન્દ્રકુમાર સેવા આપતા હોય છે. એક સમય એવો હતો કે સીતા અને ડૉક્ટર ધર્મેશ વચ્ચે પ્રેમસંબંધ હતો. તેમ છતાં ડૉક્ટર પોતાના કર્તવ્યને સર્વોપરી માને છે. તેઓ દિવસ-રાત મહેનત કરીને દર્દીને બચાવવા પ્રયત્ન કરે છે. અંતે સતત મહેનત અને તણાવના કારણે ડૉક્ટરને હૃદયરોગનો હુમલો આવે છે અને તેમનું અવસાન થાય છે. આ કથામાંથી એ સંદેશ મળે છે કે ડૉક્ટર માટે દર્દીની સેવા સૌથી મોટી ફરજ છે. પોતાના વ્યક્તિગત લાગણીઓને બાજુએ રાખીને પણ તેઓ માનવતાના અભિગમ સાથે સારવાર કરે છે. આજના સમયમાં પણ ચિકિત્સા ક્ષેત્રમાં કાર્યરત ડૉક્ટરોએ વૈજ્ઞાનિક સારવાર સાથે માનવીય સંવેદના અને કરુણાભાવ રાખીને પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ.

**તરસાડા - પ્રવીણસિંહ મ